સુવિચાર : શેરડીમાં જયાં ગાંઠ હોય છે ત્યાં રસ નથી હોતો તેમ જીવનને જો રસસભર રાખવું હોય તો હૃદયમાં કોઇનાય પ્રત્યે ગાંઠ રાખશો નહીં - અમૃતબિંદુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૯૩ | ૧૨ જૂન, ૨૦૧૫, શુક્રવાર ; જેઠ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦



બદલો લેવા એનએસસીએનના બળવાખોરો ભારતમાં ઘુસ્યા : એલર્ટની ઘોષણા Page-6

# શહેરના ૧૪ પ્લોટોની હરાજી રદ

## જિલ્લા તંત્ર દ્વારા મોડી સાંજે લેવાયેલો નિર્ણય : આ પ્લોટોની હરાજી નવેસરથી કરાશે : રહેણાંક અને વાણિજયના પ્લોટો ઉપરાંત ડોકટર હાઉસના પ્લોટોની પણ હરાજી રદ થઈ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં એક દસકા બાદ પ્લોટોની યોજાયેલ ઈ હરાજીમાં ૧૪ જેટલા પ્લોટોની હરાજી રદ કરવાનો નિર્ણય જિલ્લા તંત્રએ કરતાં ગાંધીનગર શહેરમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

ગાંધીનગર શહેરની ઈ હરાજીએ વિવાદનું રૂપ ધારણ કર્યું હતું. આ પ્લોટોની હરાજીને લઈ કોંગ્રેસ સમિતિએ પણ રજુઆતો ધારદાર કરી હતી જેમાં આર્થિક નુકશાન સરકારને થયાનો મુદ્દો પણ ઉભો કર્યો હતો.

ગાંધીનગર જિલ્લા તંત્ર દ્વારા આજે મોડી સાંજે ૧૪ જેટલા પ્લોટની હરાજી રદ કરવાનો નિર્ણય કર્યો છે અને આ રદ કરાયેલા પ્લોટની હરાજી નવેસરથી કરવામાં આવશે તેવી જાહેરાત પણ કરાઈ છે.

જિલ્લા તંત્રએ પ્લોટોની હરાજીમાં પોષણક્ષમ ભાવ નહિ મળ્યા હોવાનું કારણ દર્શાવી હરાજી રદ કરવામાં આવી છે તેટલા જ કારણો આપ્યા છે.

તંત્ર દ્વારા જે પ્લોટની હરાજી રદ કરવામાં આવી છે તેમાં સે-૬ના ૪ પ્લોટ, સે-૪ના બે પ્લોટ, સે-૧૧ના બે પ્લોટ, સે-૨૩નો એક પ્લોટ અને સે-૨૨ના બે પ્લોટ તેમજ સે-૨૮, ૨૧ અને ૩૦ના ૧-૧ પ્લોટનો સમાવેશ થાય છે.

ગાંધીનગર શહેરના પ્લોટોની હરાજી એ રાજકીય વિવાદ પણ વધુ ઉભો કર્યો હતો. આ વિવાદને લઈ તંત્ર પર પણ દબાણ ઉભું કરાયું હતું. તંત્રના ધ્યાને પણ રીંગ થયાની વાતો આવી હોવાનું કહેવાય છે. શહેરના પ્લોટોની હરાજીમાં બીડરની યાદી લીક થયાની વાતે પણ સારો એવો વિવાદ ઉભો થવા પામ્યો હતો.

શહેરના જે પ્લોટની હરાજી રદ થઈ છે તેમાં વાણિજય વિસ્તારના પાંચ, રહેઠાણ વિસ્તારના

● અનુસંધાન પાન-૭ પર

### રદ થયેલ હરાજીના પ્લોટ

સેક્ટર-૪ : પ્લોટ નં. ૧૪૨૯, ૧૪૩૦
સેક્ટર-૬ : પ્લોટ નં. ૧૨૮૨, ૧૨૮૩, ૧૨૮૫,૧૫૫૨
સેક્ટર-૧૧ : પ્લોટ નં. ૨૩, ૩
સેક્ટર-૨૨ : પ્લોટ નં. ૨૭૯, ૨૮૦
સેક્ટર-૨૮ : પ્લોટ નં. ૪૫૩/૧
સેક્ટર-૨૧ : પ્લોટ નં. ૫૧૪/૧ ● સેક્ટર-૩૦ : પ્લોટ નં. ૫૪૬/૧

# શહેરમાં વરસાદી છાંટા : તાપમાન ગગડ્યુ

## માત્ર થોડા છાંટા નાંખી વરસાદ હાથતાળી દઈ ગયો : મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી નોંધાયું : વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૨ ટકાએ પહોંચતા ઉકળાટે નગરજનોને અકળાવ્યા

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરના આકાશમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી દેખાતા વાદળો હાથતાળી દઈ છટકી ગયો હતો. પરંતુ આજે નગરના કેટલાક વિસ્તારોમાં વરસાદના ફોરા પડવા પામ્યા હતા. આજે મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી સે. અને લઘુત્તમ તાપમાન ૨૮ ડિગ્રી સે. નોંધાયું હતું. વાતાવરણમાં ભેજનું પ્રમાણ સવારે ૭૨ ટકા સુધી નોંધાયું હતું જે સાંજે ઘટીને ૫૩ ટકા રહ્યું હતું.

નગરના નવા સેક્ટરોના કેટલાક ભાગોમાં વરસાદી છાંટા પડ્યા હતા. જેના કારણે નગરજનોમાં વરસાદના આગમનની આશા બંધાઈ હતી, પરંતુ થોડીકવારમાં જ આ આશા ઠગારી નીવડી હતી. દિવસ દરમ્યાન આકાશમાં આજે સૂર્યદેવતાની હાજરી જોવા મળી હતી જેના કારણે બપોરના સમયે નગરજનોને તાપમાનમાં સામાન્ય વધારાનો અનુભવ થયો હતો. જો કે ભેજનું પ્રમાણ વાતાવરણમાં વધારે રહેવાથી ઉકળાટનો માહોલ પણ નગરજનોને અકળાવી ગયો હતો. છેલ્લા એક સપ્તાહમાં મેઘરાજાનું આગમન થશે તેવી નગરજનોની ધારણા આજનું વાતાવરણ જોયા પછી ખોટી પડતી જણાઈ હતી અને હવે કદાચ વરસાદની પ્રતિક્ષા થોડો સમય માટે વધુ લંબાશે તેવી પ્રતિતિ સ્પષ્ટ થવા પામી છે.

દરમિયાન રાજ્યમાં આગામી પાંચ દિવસમાં વરસાદની આગાહી વચ્ચે આજે તાપમાનમાં વધુ ઘટાડો રહ્યો હતો. અમદાવાદ શહેરમાં આંશિક વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. જેથી કાળઝાળ ગરમીથી લોકોને રાહત મળી હતી. બીજીબાજુ આજે રાજ્યના તમામ વિસ્તારોમાં પારો ૪૦થી નીચે પહોંચી ગયો હતો.

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : દિપક જાની)



મેરે દેશ કી ધરતી... - ચોમાસાનું કાઉન્ટ-ડાઉન શરૂ થયું છે... ગણતરીના દિવસોમાં વરસાદ પડશે, આકાશ અને ધરતીનું મિલન થશે... જગતનો તાત આ શુભ ઘડીને વધાવવા તત્પર બન્યો છે... ખેતર ખેડીને તૈયાર રખાયા છે... જેવો વાવણી લાયક વરસાદ પડે કે તુરત જ વાવણીનું કામ આરંભી શકાય એવી તૈયારી ગામેગામ, ખેતરે - ખેતરે ચાલી રહી છે... આપણા સૌના દિલમાં એક જ પંક્તિ આ દશ્યની સાથે ધડકે છે... - 'મેરે દેશકી ધરતી સોના ઉગલે, ઉગલે હીરે-મોતી... મેરે દેશકી ધરતી....'

# જિલ્લામાં પ્રથમ દિવસે ૩૬૬૭ બાળકોએ ધો-૧માં અને ૩૭૦૦ બાળકોએ ધોરણ-૯માં પ્રવેશ મેળવ્યો

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ૧૮૩ શાળામાં ૩૬૬૭ બાળકોનું નામાંકન થયું છે. જેમાં ૩૨ વિકલાંગ બાળકોનો સમાવેશ થાય છે.

આજથી શરૂ થયેલા ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવના પ્રથમ દિવસે જ કન્યા કેળવણી નિધિમાં રૂ. સાત લાખનું ટોકન દાન તથા વસ્તુના સ્વરૂપે રૂ. ૧૫ લાખની કિંમતની વસ્તુઓ સહિત કુલ રૂ. ૨૨ લાખની ભેટો મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં સૌથી વધુ દાન માણસા તાલુકામાં પ્રાપ્ત થયું છે. આજે પ્રવેશોત્સવના પ્રથમ દિવસે ધો. ૯માં ૩૭૧૪ બાળકોએ પ્રવેશ મેળવ્યો છે.

આજે જિલ્લાની ૨૪ બાળાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ પણ આપવામાં આવ્યા છે. જિલ્લામાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ પર મહાનુભાવોએ ભાર મુકી અને ગુણવત્તાસભર શિક્ષણનો આગ્રહ શિક્ષકોને કર્યો હતો.

આજે પ્રવેશોત્સવમાં ૨૦૦ થી વધુ મહાનુભાવો જોડાયા હતા. જેમાં પંચાયતના પદાધિકારીઓ, જિલ્લાના અધિકારીઓ અને રાજ્ય સરકારના અધિકારીઓનો સમાવેશ થાય છે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીનાબેન પટેલે રાંદેસણ અને કોબા ખાતે તો અધિક મુખ્ય સચિવ શ્રી અગ્રવાલે કાંઠા, નારદીપુર ખાતે, સી.વી. સોમે અડાલજ જમિયતપુરા અને ખોરજ ખાતે બાળકોને પ્રવેશોત્સવ સંપન્ન કરાવ્યો હતો. આ ઉપરાંત અન્ય અધિકારીઓ પણ જોડાયા હતા.

# શિક્ષણ માનવીનું જીવન બદલે છે : આનંદીબેન

## શાળા પ્રવેશોત્સવ માટેના અભિયાનથી શિક્ષણની જ્યોત પ્રજવલિત રાખવા માટેનો સફળ સેવાયજ્ઞ ગુજરાતે કર્યો

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે ગીરસોમનાથના છેવાડાના ગામ અરણેજથી શાળા પ્રવેશોત્સવ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રવેશઉત્સવના ત્રિદિવસીય અભિયાનનો ગ્રામીણ ક્ષેત્રમાં પ્રારંભ કરાવતા રાજ્યમાંથી નિરક્ષરતાને દેશવટો દેવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો. દેશ અને રાજ્યની ઉજ્જવળ આવતીકાલના ઘડતર માટે બાળકના શિક્ષણ સંસ્કાર



પ્રસંગે પોતાના નિવેદનમાં આનંદીબેને કહ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવના અભિયાનથી શિક્ષણની જ્યોત પ્રજવલિત રાખવાનો સફળ સેવાયજ્ઞ ગુજરાતે ૧૩ વર્ષથી કર્યો છે.

ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજથી સમસ્ત ગુજરાતમાં૧૩માં કન્યા કેળવણી શાળા સિંચનનું દાયિત્વ રાજ્યશાસને સેવાયજ્ઞ તરીકે ઉપાડ્યું છે. ત્યારે એવું ઉમદા ચારિત્ર્યવાન શિક્ષણ પ્રારંભકાળથી જ આપવાનું વાતાવરણ બનાવીએ કે બાળક ભવિષ્યમાં જીવનમાં કંઈ ખોટું કરવાનો વિચારસુદ્ધા ન કરેં, તેમ તેમણે શિક્ષણનું માનવજીવનમાં મહત્વ સમજાવતાં ઉમેર્યું હતું. મુખ્યમંત્રીએ ગિરસોમનાથ જિલ્લાના છેવાડાના ગામ અરણેજથી શાળા પ્રવેશોત્સવ ૨૦૧૫ને રાજ્યવ્યાપી પ્રારંભ ૮૬ દિકરા-દિકરીઓનું શાળા નામાંકન અને ૬૦ ભુલકાઓનો આંગણવાડી પ્રવેશ આનંદોત્સવ વાતાવરણમાં કરાવ્યો હતો.

મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, શિક્ષણ માત્ર પદવી પ્રાપ્ત કરાવનારું નહીં પરંતુ સુષુપ્તશક્તિ ખિલવે તેવું સર્વાંગી વ્યક્તિત્વ વિકાસલક્ષી બની રહે તેવી નેમ આ પ્રવેશોત્સવમાં રાખી હતી. તેમણે બાળપેઢીમાં રહેલી આંતરીક સર્જનાત્મક શક્તિને નવો ઓપ આપવા બાળકવિ સંમેલન, ચિત્ર સ્પર્ધા, ખેલ મહાકુંભ જેવા વ્યક્તિત્વ વિકાસ આયોજનોની ભૂમિકા આપી હતી. પટેલે જણાવ્યું હતું કે, જે લોકોને ગુજરાતના વિકાસની આ દિશાથી પોતે જનતાની નજરમાંથી દૂર થઈ ગયા છે તેવો ડર પેસી ગયો છે તે લોકો ભૂતકાળમાં મફત ઘરનું ઘરના ઠાલાં-પોકળ વચનો આપી નામુક્કર ગયા છે તે સમજી લેવું જોઈએ.

મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, ગુજરાતના સર્વગ્રાહી વિકાસ માટે અનેક નવતર પ્રકલ્પોનું અમલીકરણ કર્યું છે અને જાહેરાતો જ નહીં વાસ્તવિક અમલ પણ કરીએ છીએ તેમ તેમણે ગરીબો માટે આવાસ તથા મધ્યમવર્ગના પરિવાર માટે સસ્તા દરે ૨.૫૦ લાખ ગૃહ નિર્માણના ચુંટણીવચનો પુરા કર્યા છે.

CALORX TEACHERS' UNIVERSITY
(State Private University Established State Legislature of Gujarat Act no. 8 of Year 2009)
Applications are invited for the admission to the following courses for the year 2015-16
Admissions Open (2015-16)
Undergraduate Courses
•BA •BBA •B Com •B Sc •BCA
•BAJM •BSW •BA BEd •B Ed
Postgraduate Courses
•MA •MBA •M Com •MCA •MSW •M Sc
Calorx Teachers' University
Greenwood, Near Vaishnodevi Circle,
S P Ringroad, Ognaj, Ahmedabad-382481
Phone: +91 93770 56501, +91 75671 71972, 02717 242328/329
Email : registrar.ctu@calorx.org | web: www.ctu.calorx.org




ગ્રાન્ડ હાઉસી
ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ
આપના માટે લાવ્યા છે નસીબવંત અને મસ્તીભર્યો રવિવાર હાઉસી રમવાની મજા સાથે ભવ્ય આકર્ષક ઈનામો જીતવાની મેળવો તક.
સભ્યો માટે આકર્ષક 25% ડિસ્કાઉન્ટ
- ગાંધીનગર કલ્ચરલ ફોરમના સભ્યો માટે હાઉસી પાસમાં ૩૦% ડિસ્કાઉન્ટ.*
- હાઉસી પાસ ઈન્ફોસિટી કલબ એન્ડ રિસોર્ટ તથા ગાંધીનગર સમાચાર કાર્યાલયમાં ઉપલબ્ધ છે. સભ્યોએ ડિસ્કાઉન્ટનો લાભ લેવા ઓળખપત્ર બતાવવું જરૂરી છે.
હાઉસી પાસ માટે સંપર્ક...
ઈન્ફોસીટી કલબ એન્ડ રિસોર્ટ
Tel: 99798 89377/99099 06372
Infocity Club & Resort, Indroda Circle, SG Highway, Gandhinagar.
web:www.infocityclub.net